ગ્રામ પંચાયત કક્ષાએ મકાન બાંધવા અથવા ફરીથી બાંધવા કે સુધારા-વધારા કરવા અંગેની પૂર્વમંજુરી આપતા અગાઉ સંડાસ/જાજરૂની જોગવાઇ કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ પરચ/૨૦૧૪/૨૦૭૫/ચ
સચિવાલય, ગાંધીનગર.
તા /૧૦/૨૦૧૪
1 NOV 2014

પ રિ પ ત્રઃ-

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૪ની જોગવાઇ અન્વયે ગ્રામ પંચાયતના વિસ્તારમાં ગ્રામ પંચાયતની પૂર્વમંજુરી મેળવ્યા સિવાય કોઇપણ વ્યકિતએ કોઇ મકાન બાંધવું નહિ, અથવા ફરીથી બાંધવું નહિ કે ફરી બાંધવાની શરૂઆત કરવી નહિ, તે અંગેની વૈધાનિક જોગવાઇ કરવામાં આવેલી છે.

ગામતળ અને સીમતળમાં બાંધકામ કરવા માટે આ કલમની જોગવાઇ હેઠળ બાંધકામની પરવાનગી આપવાના અધિકાર ગ્રામ પંચાયતને સુપ્રત થયેલા છે તે અન્વયે આ કલમની પેટા કલમ-૬ ના ખંડ-(ક) થી (ઝ) સુધી બાંધકામ સંબંધે જરૂરી સ્પષ્ટતાઓ કરેલી છે તે અનુસાર ગ્રામ્ય કક્ષાએ ગામતળમાં અને ગ્રામ્ય વિસ્તારની ખેતીની જમીનો રહેણાંકના હેતુ માટે જમીન મહેસુલ અધિનિયમની કલમ-૬૫(૨) હેઠળ બિનખેતી ઉપયોગની મળેલી પરવાનગી અન્વયે નવું બાંધકામ શરૂ કરતાં પહેલાં તે અંગેના લે-આઉટ પ્લાન તૈયાર કરવાના હોય છે અને તે લે-આઉટ પ્લાન મુજબ ગ્રામ પંચાયત બાંધકામની પરવાનગી આપે છે.

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૦૭ ની જોગવાઇ અનુસાર દરેક મકાન માલિકે પોતાના રહેઠાણમાં વોટર કલોઝેટ અથવા જાજરૂની સગવડ કરવી ફરજીયાત છે. જેનો અસરકારક અમલ થાય તે હેતુથી ગ્રામ પંચાયત ધ્વારા નવું મકાન બાંધકામ અથવા ફરીથી મકાન બાંધવા અંગેની પૂર્વમંજુરી આપતાં અગાઉ મંજુરી માંગનાર મકાન માલિક, ઇસમ કે જાહેર કે ખાનગી સંસ્થા ધ્વારા મકાન બાંધકામની પરવાનગી માંગે અને તે પરવાનગી સાથે રજુ કરેલા લે-આઉટ પ્લાનમાં ફરજીયાત રીતે જાજરૂનો સમાવેશ કરવાનો રહેશે. અને રહેઠાણના મકાનમાં જાજરૂ સિવાય બાંધકામની પરવાનગી માંગવામાં આવે તેવા સંજોગોમાં ગ્રામ પંચાયત આવી પરવાનગીનો ઇન્કાર કરી શકશે.

આ પરિપત્રથી દરેક ગ્રામ પંચાયતે ગ્રામ પંચાયત વિસ્તારમાં કે ગ્રામ પંચાયત વિસ્તારના ખેતીની જમીનને બિનખેતી ઉપયોગમાં ફેરવેલ હશે તેવી તમામ જગ્યાઓ ઉપર

મકાન બાંધકામ વખતે સંડાસ/જાજરૂ ફરજીયાત રીતે બનાવાનું રહેશે, તે શરતોને આધિન ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૧૦૪ હેઠળ મકાન બાંધકામની પરવાનગી આપવાની રહેશે.

આ પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલનાં હુકમથી અને તેમના નામે,

(વનરાજસિંહ પઢારીયા)
ઉપ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય ગાંધીનગર.
૨. માન.રાજય કક્ષાના મંત્રીશ્રી(પંચાયત) (સ્વતંત્રર હવાલો) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર.
૩. અગ્ર સચિવશ્રી(પં)ના રહસ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
૪. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૫. કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગુજરાત રાજય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૬. સર્વે કલેકટરશ્રી (વિકાસ કમિશ્નરશ્રી મારફત)
૭. સર્વે નિયામકશ્રી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી (કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ મારફત)
૮. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી (વિકાસ કમિશ્નરશ્રી મારફત)
૯. સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી (વિકાસ કમિશ્નરશ્રી મારફત)
૧૦. સર્વે મામલતદારશ્રી (વિકાસ કમિશ્નરશ્રી મારફત)
૧૧. શાખા સિલેકટ ફાઇલ
૧૨. નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ.

D:\pavan files\Patanibhai nodh\NODH - P.docx142